

સુરેન્દ્રનગર ખાતે યોજાયેલ માલધારી સંમેલનમાં ઉપસ્થિત માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબનું બંડી, પાઘડી અને લાકડી થી સ્વાગત કરતા ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ, વાઈસ ચેરમેનશ્રી સુરાભાઈ રબારી આ પ્રસંગે ઉપસ્થિત ડાબેથી પૂર્વ ધારાસભ્યશ્રી પુનમભાઈ મકવાણા, પૂર્વ રાજયસભાના સંસદ શ્રી શંકરભાઈ વેગડ, ધારાસભ્યશ્રી ધનજીભાઈ પટેલ, સાંસદ સભ્યશ્રી ડો. મહેન્દ્ર મુંજપરા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ તથા મહંતશ્રી લાલદાસ બાપુ



સુરેન્દ્રનગર ખાતે યોજાયેલ માલધારી સંમેલનમાં ઉપસ્થિત રહેલ માન. મુખ્યમંત્રીશ્રીને કામધેનું રૂપી સ્મૃતિ ચિહન અર્પણ કરતા દૂધ સંઘના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ, વા.ચેરમેનશ્રી સુરાભાઈ રબારી તથા મહંતશ્રી લાલદાસ બાપુ




મસ્તી દહીંના પેકીંગના શુભારંભ પ્રસંગે પધારેલ ડાબેથી ધારાસભ્યશ્રી ધનજીભાઈ પટેલ, પૂર્વમંત્રીશ્રી ગુ.રા કિરીટસિંહ રાણા સાહેબ, ભાજપ જિલ્લા મહામંત્રીશ્રી જગદિશભાઈ મકવાણા, ડિરેકટરશ્રી મંગળસિંહજી પરમાર, ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ તથા એમ.ડી. શ્રી ગુરદિતસિંગ




ગુજરાત રાજય બહાર મહારાષ્ટ્ર રાજયમાં દૂધના વેચાણ વ્યવસ્થાનો પ્રારંભ કરાવતા ડાબેથી ડિરેકટરશ્રી મંગળસિંહજી પરમાર, ડિસ્ટ્રીકટ બેંકના ચેરમેન હરદેવસિંહ પરમાર, ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ, જિલ્લા ભાજપ પ્રમુખ દિલીપભાઈ પટેલ, ધારાસભ્યશ્રી ધનજીભાઈ પટેલ તથા જમણી બાજુ મહામંત્રીશ્રી જિલ્લા ભાજપ સુ.નગર જગદિશભાઈ મકવાણા, ડિરેકટરશ્રી નરેશભાઈ મારૂ, એમ.ડી. શ્રી ગુરદિતસિંગ, ડિરેકટરશ્રી ધીરૂભાઈ દેગામા દ્રષ્ટિ ગોચર થાય છે.

રજી. નં. સે.દૂ.ઉ–૨૦૦૧ તા. ૨૪–૩–૧૯૭૫

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ.

"ઠાકરધણી સુરસાગર ભવન"૨૪૯, જી.આઇ.ડી.સી., ફેઇઝ-૨, આંબાવાડી, વઢવાણ-૩૬૩ ૦૩૫.
જિ. સુરેન્દ્રનગર (ગુજરાત) ફોન : (૦૨૭૫૨) ૨૪૩૮૬૩ ફેક્સ : ૨૪૩૭૬૫
ટોલ ફ્રી નંબર : ૧૮૦૦ ૨૩૩ ૩૮૬૩
E-mail : admhead@sursagardairy.coop Website : www.sursagardairy.com

# ૪૪ મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી શ્રી સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વઢવાણ સંયોજીત દૂધ મંડળી સભાસદો અને વ્યકિત સભાસદોને જણાવવાનું કે દૂધ સંઘની ૪૪ મી વાર્ષિક સાધારણ સભા તા. ૧૮/૦૬/૨૦૧૯ ને મંગળવાર ના રોજ બપોરે ૧૨–૦૦ કલાકે, લીંબડી સમસ્ત ભરવાડ જ્ઞાતિની વાડી, નદી કાંઠે, લીંબડી ખાતે રાખવામાં આવેલ છે તો સભાસદ મંડળીના ચેરમેનશ્રી તથા વ્યકિત સભાસદોને આ સભામાં સમયસર હાજર રહેવા વિનંતી છે.

## :: કાર્યસૂચિ ::

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી વંચાણે લઈ બહાલી આપવા બાબત.
૨. સને ૨૦૧૮–૧૯ ના વર્ષ દરમ્યાન અંદાજ કરતા થયેલ વધુ ખર્ચને મંજુર કરી બહાલી આપવા બાબત.
૩. સને ૨૦૧૮–૧૯ ના વર્ષના હિસાબો મંજુર કરવા બાબત.
૪. સને ૨૦૧૮–૧૯ ના વર્ષના નફાની ફાળવણી મંજુર કરવા બાબત.
૫. સને ૨૦૧૮–૧૯ ના વર્ષના હિસાબ તપાસણીના ઓડીટ રિપોર્ટ તથા દુરસ્તી રિપોર્ટ બાબત.
૬. સને ૨૦૧૯–૨૦ ના વર્ષનું અંદાજ પત્ર મંજુર કરવા બાબત.
૭. સંઘના પેટા નિયમોની મર્યાદામાં રહીને બહારનું કર્જ લેવાની મર્યાદા નક્કી કરવા બાબત.
૮. પેટા નિયમ સુધારા ને બહાલી આપવા તથા પેટા નિયમ સુધારા બાબત.
૯. આંતરીક અને સહકારી મંડળીના કાયદા અનુસાર કાયદાકીય ઓડીટરશ્રીની નિમણુંક કરવી તથા મહેનતાણુ નક્કી કરવા બાબત.
૧૦. એન.ડી.ડી.બી. હસ્તકની મિલકતના સેલ ડીડને તથા મોરબી જિલ્લા મહિલા સહકારી દૂ.ઉ.સંઘ લી. તા. હળવદની દૂધ મંડળીઓ અને હળવદ ચિલીંગ સેન્ટર સુપ્રત કરેલ તેને બહાલી આપવા બાબત.
૧૧. પ્રમુખશ્રી અથવા તેમની મંજુરીથી બીજુ જે કંઈ રજુ કરવામાં આવે તે.

મુ. : સુરેન્દ્રનગર
તા. : ૦૩/૦૬/૨૦૧૯

**(ગુરદિતસિંગ પ્યારાસિંગ)**
મેનેજીંગ ડીરેકટર
નિયામક મંડળના આદેશથી

નોંધ :

૧. કોરમના અભાવે મુલત્વી રહેલ સભા તે જ દિવસે અડધા કલાક બાદ હાજર રહેલ સભ્યોનું કોરમ ગણી સભાની કાર્યસૂચિના કામોનો નિકાલ કરશે, જે કાયદેસર ગણાશે. જે સભ્યશ્રીઓને માન્ય રહેશે.

૨. આ સભામાં મંડળીના પ્રતિનિધિ તરીકે ફક્ત મંડળીના ચેરમેનશ્રી જ હાજરી આપી શકશે અને હાજરી આપવા અંગેનો ઠરાવ નમૂના મુજબ તા. ૧૪/૦૬/૨૦૧૯ સુધીમાં મળી જાય તે રીતે સંઘની ઓફિસે ફરજિયાત મોકલી આપવાનો રહેશે.

૩. હિસાબો અંગે સભાસદોને જો કોઈ માહિતી જોઈતી હોય તો તેમણે તા. ૧૦/૦૬/૨૦૧૯ પહેલા લેખિત ખબર આપી રૂબરૂ સમજી જવા વિનંતી છે.

# નિયામક મંડળ : ૨૦૧૮-૧૯



**શ્રી બાબાભાઈ એસ. ભરવાડ**
અધ્યક્ષશ્રી

પ્રમુખ- લીંબડી દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. લીંબડી તા. લીંબડી



**શ્રી સુરાભાઈ પી. રબારી**
ઉપાધ્યક્ષશ્રી
સરકારી પ્રતિનિધિ



**શ્રી મંગળસિંહ આર. પરમાર**
સભ્યશ્રી
પ્રમુખ- શિવશક્તિ દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ટીકર (પર) તા. મુળી



**શ્રી રૂપાભાઈ એન. ભરવાડ**
સભ્યશ્રી
પ્રમુખ- પાનવા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. પાનવા તા. દસાડા



**શ્રી નરેન્દ્રસિંહ ડી. રાણા**
સભ્યશ્રી
પ્રમુખ- કૃષ્ણ દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. રાયસંગપર તા. હળવદ



**શ્રી નરેશભાઈ જે. મારૂ**
સભ્યશ્રી
પ્રમુખ- મોજીદડ દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. મોજીદડ તા. ચુડા



**શ્રી ગેલાભાઈ સી. ભરવાડ**
સભ્યશ્રી
પ્રમુખ- વડલા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. વડલા તા. લખતર



**શ્રી ધીરૂભાઈ એમ. દેગામા**
ડીરેક્ટરશ્રી
સરકારી પ્રતિનિધિ



**શ્રીમતિ જનકબેન એ. જાદવ**
સભ્યશ્રી
પ્રમુખ- બલાળા(મ) દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. બલાળા તા. ચુડા




**શ્રીમતિ રજુબેન એલ. નાંગહ**
સભ્યશ્રી
પ્રમુખ- ચોબારી(મ) દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ચોબારી તા. ચોટીલા



**શ્રી પ્રભુભાઈ યુ. પટેલ**
સભ્યશ્રી
વ્યક્તિ સભ્ય

# નિયામક મંડળ : ૨૦૧૮-૧૯



**શ્રી રામજીભાઈ પી. મેવાડા**
સભ્યશ્રી
પ્રમુખ- સાંગાણી દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. સાંગાણી તા. ચોટીલા



**શ્રી સગરામભાઈ બી. ભરવાડ**
સભ્યશ્રી
પ્રમુખ- ગોપાલકપરા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ધ્રાંગધ્રા તા. ધ્રાંગધ્રા



**શ્રી ગભરૂભાઈ જે. કલોત્રા**
સભ્યશ્રી
પ્રમુખ- જુના સુદામડા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. જુના સુદામડા તા. સાયલા



**શ્રી સીધાભાઈ સી. ગોહિલ**
સભ્યશ્રી
પ્રમુખ- વઢવાણ દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. વઢવાણ તા. વઢવાણ




**શ્રી વાઘાભાઈ જી. કુમખાણીયા**
સભ્યશ્રી (૩૦/૧૧/૨૦૧૮ સુધી)
પ્રમુખ- મનડાસર દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. મનડાસર તા. થાન



**શ્રી સુરેશભાઈ એસ. રબારી**
ડીરેકટરશ્રી
સરકારી પ્રતિનિધિ



**શ્રી આર એ. મકવાણા**
જિલ્લા રજીસ્ટ્રાર(સ.મ.), સભ્યશ્રી
પ્રતિનિધિ-રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ગુ.રા)
ગાંધીનગર



**શ્રી ધીરજકુમાર જે. ચૌધરી**
સભ્યશ્રી
પ્રતિનિધિ-ગુજરાત કો-ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડ. લી.
આણંદ



**શ્રી ગુરદિત સિંગ**
મેનેજીંગ ડીરેકટર
સુરસાગર ડેરી
મુ. વઢવાણ તા. વઢવાણ

## :: ઓડીટર્સ ::

**એ.ડી. રૂપારેલ એન્ડ કાું.**
ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી,
સ્ટેટ્યુટરી ઓડીટર
એ.ડી. રૂપારેલ
(પેનલ નં. ૫૮૧)

**શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક)**
મિલ્ક ઓડીટ ઓફીસ,
સુરેન્દ્રનગર

## બેંકર્સ

૧) બેંક ઓફ બરોડા - સુરેન્દ્રનગર
૨) એચ.ડી.એફ.સી. બેંક - સુરેન્દ્રનગર
૩) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા - સુરેન્દ્રનગર
૪) આઇસીઆઇસીઆઇ બેંક - સુરેન્દ્રનગર
૫) સુરેન્દ્રનગર ડી.કો-ઓપ. બેંક લી. - સુરેન્દ્રનગર
૬) યુનિયન બેંક ઓફ ઈન્ડિયા - સુરેન્દ્રનગર
૭) દેના બેંક - સુરેન્દ્રનગર
૮) સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક - સુરેન્દ્રનગર
૯) રાજકોટ નાગરીક બેંક - સુરેન્દ્રનગર



ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડના જન્મદિનની ઉજવણી વખતે રાખેલ બ્લડ ડોનેશન કેમ્પનું ઉદ્‌ઘાટન કરતા જિલ્લા પ્રભારીશ્રી નિતિનભાઈ ભારદ્વાજ, ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ, પૂર્વમંત્રીશ્રી કિરીટસિંહ રાણા સાહેબ, એમ.ડી શ્રી ગુરદિતસિંગ તથા મહામંત્રીશ્રી જગદિશભાઈ મકવાણા



બ્લડ ડોનેશન કેમ્પમાં બ્લડ ડોનેટ કરનાર વ્યકિતઓની સંભાળ લેતા જિલ્લા પ્રભારીશ્રી નિતિનભાઈ ભારદ્વાજ સાથે ડાબેથી શ્રી અનિરૂધ્ધસિંહ પઢિયાર, ડીરેકટરશ્રી મંગળસિંહ પરમાર, મહામંત્રીશ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ,એમ.ડી શ્રી ગુરદિતસિંગ, ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ, વાઈસ ચેરમેનશ્રી સુરાભાઈ રબારી, મહામંત્રીશ્રી જગદિશભાઈ મકવાણા, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી દિલીપભાઈ પટેલ ડીસ્ટ્રીકટ બેંકના ચેરમેનશ્રી હરદેવસિંહ પરમાર



## શ્રી બાબાભાઈ એસ. ભરવાડ
**અધ્યક્ષશ્રી**

### સભાસદ દૂધ મંડળીઓના પ્રમુખશ્રી ભાઈઓ, બહેનો તેમજ આમંત્રિત સહકારી મિત્રો.

આપણા દૂધ સંઘની ૪૪ મી વાર્ષિક સાધારણ સભામાં હાજર રહેલા મંડળીના પ્રતિનિધિ ભાઈઓ – બહેનો તથા આમંત્રિત સહકારી મહેમાનોનું હૃદય પૂર્વક હાર્દિક સ્વાગત કરૂ છું તેમજ અમારા નિમંત્રણને માન આપી આટલી મોટી સંખ્યામાં આપ સૌ ઉપસ્થિત રહયા છો તે બદલ આનંદની લાગણી અનુભવું છું.

આજની સભામાં ઓડીટરશ્રીએ પ્રમાણિત કરેલા દૂધ સંઘના ૩૧ મી માર્ચ ૨૦૧૯ ના રોજ પુરા થયેલ વર્ષના હિસાબો તેમજ વર્ષ દરમ્યાન થયેલ કામગીરીનો અહેવાલ અને ગતિવિધિઓનો સંક્ષિપ્ત સારાંશ મારા નિયામક મંડળના સાથી સભ્યોની અનુમતિથી આપ સૌની સમક્ષ રજુ કરતાં હર્ષ અનુભવું છું.

ચાલુ વર્ષે અપૂરતા વરસાદના કારણે આપણા જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર અછતગ્રસ્ત હોવા છતાં આપ સૌના સાથ અને સહકારથી એક દિવસનું મહત્તમ ૭.૮ લાખ કિલો દૂધનું સંપાદન થએલ છે. આમ પશુપાલન એ જીવન નિર્વાહનું મુખ્ય માધ્યમ બનેલ છે. પશુપાલન થકી પશુપાલકોના જીવન ધોરણમાં તથા તેમના આર્થિક, સામાજીક અને શૈક્ષણિક ક્ષેત્રમાં ક્રાન્તિકારી પરીવર્તન લાવવામાં સુરસાગર ડેરીનું મહત્ત્વનું યોગદાન રહેલ છે.

આપણા પ્રોસેસીંગ અને પેકીંગ પ્લાન્ટમાં હાલ દૈનિક ૧.૨ લાખ લીટર દૂધ તથા ૫૦ હજાર લીટર છાસનું પેકીંગ થાય છે. ચાલુ વર્ષે ઘી તથા દહીંનું ઉત્પાદન પણ શરૂ કરવામાં આવેલ છે. ગુજરાતમાં સૌ પ્રથમ ૪૦૦ એમ.એલ. ના પાઉચમાં મસાલા છાસનું પેકીંગ પણ સુરસાગર ડેરીએ શરૂ કરેલ છે.

જી.સી.એમ.એમ.એફ.લી. દ્વારા રાજય બહાર મહારાષ્ટ્ર માં દૂધ વેચાણની મંજૂરી આપવામાં આવેલ તેના અનુસંધાને હાલમાં દૈનિક ૩૦ હજાર લીટર દૂધનું મહારાષ્ટ્રમાં વેચાણ કરવામાં આવે છે આમ સૌરાષ્ટ્રમાં રાજય બહાર દૂધના વેચાણની શરૂઆત કરનાર આપણો સંઘ પ્રથમ છે જે ખરેખર આપણા માટે ખુશીની બાબત છે.

કાતિલ હરિફાઈના યુગમાં દૂધ અને દૂધની બનાવટોના માર્કેટીંગ માટે દૂધની ગુણવત્તા ખૂબ મહત્વની હોવાથી સ્વચ્છ અને ગુણવત્તાસભર દૂધનું ઉત્પાદન થાય તે માટે દૂધ મંડળીના કર્મચારીઓ તથા હોદ્દેદારોએ ખાસ તકેદારી રાખવી પડશે, તકેદારીના ભાગરૂપે દૂધ મંડળીઓ ઉપર બી.એમ.સી સ્થાપવાની કામગીરી દૂધ સંઘ દ્વારા ચાલુ કરવામાં આવેલ છે.

## આપણો વ્યાપાર અને નાણાંકીય સ્થિતિ :

વર્ષ ૨૦૧૮–૧૯ દરમ્યાન  દૂધ સંઘનો કુલ વેપારી ઉથલો (ટર્ન ઓવર રૂા. ૯૩૪ કરોડ નોંધયેલ છે જે વર્ષ ૨૦૧૭–૧૮ કરતાં રૂા. ૪૨ કરોડ એટલે કે ૪.૫ % વધારે છે. રૂા. ૫૩૨ લાખનો ઘસારો અને રૂા. ૧૨૪૦ લાખ સોસાયટી રીટેન્સન મની પેએબલની જોગવાઈ કર્યા બાદ હિસાબી વર્ષના અંતે રૂા. ૩૭૪ લાખ નો ચોખ્ખો નફો કરેલ છે. જે ગત વર્ષની સરખામણીએ રૂા. ૧૦૬ લાખ એટલે કે ૧૧.૩ % વધારે છે. ચાલુ વર્ષે પણ નિયામક મંડળે સભાસદ દૂધ મંડળીઓને સહકારી કાયદાની જોગવાઈની મર્યાદા મુજબ ૧૫% ડીવીડન્ડ આપવાનું નકકી કરેલ છે.

## અન્વેષણ :


સતત અને સમવાયી ઓડીટ યોજના હેઠળ દૂધ સંઘ અને દૂધ સહકારી મંડળીઓના ઓડીટની કામગીરી રાજય સરકારે સ્થાપેલા ઓડીટ બોર્ડ દ્વારા કાર્યરત છે. દૂધ સંઘનું નાણાંકીય ઓડીટ એ.ડી. રૂપારેલ દ્વારા કરવામાં આવેલ છે.


## દૂધ સહકારી મંડળીઓ, દૂધ સંપાદન અને દૂધના ખરીદ ભાવ.

હિસાબી વર્ષ ૨૦૧૮–૧૯ દરમ્યાન  કુલ ૮૦૦ દૂધ સહકારી મંડળીઓ તથા ૬૪ ખરીદ કેન્દ્રો એ દૂધ સંપાદન કરી દૂધ સંઘને પુરૂ પાડેલ છે. વર્ષાન્તે કુલ ૭૪૯ દૂધ સહકારી મંડળીઓ (૭૩૦ રજીસ્ટર તથા ૧૯ સૂચિત) તથા ૬૧ દૂધ ખરીદ કેન્દ્રો કાર્યરત છે. સરકારશ્રી દ્વારા જિલ્લા તથા તાલુકાઓનું વિભાજન થતાં મોરબી જિલ્લો નવો અસ્તિત્વમાં આવેલ અને સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તાલુકાનો મોરબી જિલ્લામાં સમાવેશ થતાં હળવદ તાલુકાની ૮૦ દૂધ મંડળીઓને તા. ૨૧–૩–૨૦૧૯ થી મોરબી જિલ્લામાં હસ્તાંતરણ કરવામાં આવેલ છે.

પશુપાલનના વ્યવસાયમાં મહિલાઓનું યોગદાન મહત્ત્વનું છે પશુપાલન થકી મહિલાઓની આવકમાં વૃધ્ધિ થાય તે માટે સરકારશ્રી દ્વારા પણ વિવિધ યોજનાઓ દ્વારા પ્રોત્સાહીત કરવામાં આવે છે હિસાબી વર્ષના અંતે ૧૮૬ મહિલા સંચાલિત દૂધ મંડળીઓની રચના થયેલ છે. દૂધ મંડળીઓ સાથે કુલ ૧૦૩૦૬૭ સભાસદો જોડાયેલ છે તે પૈકી ૩૩૩૨૮ મહિલા સભાસદો છે.








## દૂધ સંપાદન :

મને જણાવતા ખૂબજ આનંદ થાય છે કે અહેવાલના વર્ષ દરમ્યાન આપણા સંઘે તા. ૩૧–૧–૨૦૧૯ ના રોજ મહત્તમ ૭.૮ લાખ કિલો દૂધનું સંપાદન કરેલ છે. જે ગઈ સાલના મહત્તમ દૂધ સંપાદન કરતાં ૫૬ હજાર કિલો વધારે છે. વર્ષ દરમ્યાન સરેરાશ દૈનિક ૬.૧૭ લાખ કિલો દૂધ સંપાદન થયેલ છે. જે ગયા વર્ષના સરેરાશ દૈનિક સંપાદન ૫.૬૫ લાખ કિલો કરતાં દૈનિક ૫૨ હજાર કિલો વધારે છે. આમ ગયા વર્ષની સરખામણીએ દૂધ સંપાદન માં ૮.૬૪ % નો વધારો થયેલ છે.








## દૂધના ખરીદ ભાવ :

આજે જયારે જિલ્લાના દૂધ ઉત્પાદકોએ પશુપાલન વ્યવસાયને મુખ્ય વ્યવસાય તરીકે અપનાવેલ છે ત્યારે મારા તથા મારા સાથી ડીરેકટર મિત્રોના એવા પ્રયત્નો છે કે દૂધ ઉત્પાદકોને દૂધના વધુમાં વધુભાવ મળે. ચાલુ વર્ષે દૂધની આવકના પ્રમાણમાં વેચાણ ઓછું હોવાના કારણે દૂધનો પાવડર તથા અન્ય બનાવટો બનાવી સ્ટોરેજ કરવાના કારણે તેની અસર દૂધ ઉત્પાદકોને ચુકવાતા ભાવો ઉપર આવવા છતાં પણ આપણે પ્રતિકિલો ફેટના સરેરાશ રૂા. ૬૩૩ નો ભાવ ચુકવ્યો છે.










હિસાબના વર્ષ દરમ્યાન દૂધ ઉત્પાદકોને પ્રતિકિલો દૂધનો ભાવ રૂા. ૩૯–૭૭ પૈસા ચુકવાયેલ છે જે ગયા વર્ષે પ્રતિ કિલોના રૂા. ૪૨–૪૬ પૈસા ચુકવાયેલ હતા.

## રાખેલ દૂધ ભાવ :

જિલ્લાના દૂધ ઉત્પાદકોને જે તે સમયે જે ભાવ ચુકવવામાં આવે છે તે કામચલાઉ હોય છે. વર્ષ આખરે દૂધના વેપારમાંથી ઉપજેલ રકમ માંથી ખર્ચાઓ બાદ કર્યા પછી વધતી રકમ દૂધ ઉત્પાદકોને વર્ષ દરમ્યાન દૂધ મંડળીમાં ભરાવેલ દૂધની કિંમતના પ્રમાણમાં રાખેલ દૂધ ભાવ ચુકવવામાં આવે છે.


ચાલુ હિસાબી વર્ષ દરમ્યાન કુલ ૮૮.૬૫ કરોડ રૂપિયા રાખેલ દૂધ ભાવ ચુકવવામાં આવેલ છે જે પ્રતિ કિલો ફેટ રૂા. ૬૫.૬૭ પૈસા થાય છે. ગયા વર્ષની સરખામણીએ રાખેલ દૂધ ભાવ ૧૦.૮ % વધારે ચુકવવામાં આવેલ છે.






## મુખ્ય ખર્ચાઓ :

વહીવટી ખર્ચ ઓછામાં ઓછો થાય અને દૂધ ઉત્પાદકોને તેમના દૂધના ઉત્પાદનનું વધારેમાં વધારે વળતર મળે તેવા તકેદારી પૂર્વકના પ્રયત્નોના કારણે વર્ષ ૨૦૧૮-૧૯ માં દૂધ સંઘનું સમગ્ર ખર્ચ પ્રતિકિલો દીઠ રૂા. ૨.૭૬ પૈસા છે.




## અમૂલ દૂધ-છાસ-દહીં-ઘી વેચાણ :

આપણા દૂધ સંઘમાં પ્રોસેસીંગ અને પેકીંગ પ્લાન્ટ કાર્યરત ન હતો ત્યારે દૂધ સંઘમાં સંપાદન થતુ તમામ દૂધ જી.સી.એમ.એમ.એફ. દ્વારા સંચાલિત અમૂલ ફેડ ડેરી ગાંધીનગર ને વેચાણ કરવામાં આવતુ હતુ. આપણા દૂધ સંઘનો ૨ લાખ લીટરની ક્ષમતાનો પ્રોસેસીંગ પ્લાન્ટ કાર્યરત થતાં તા. ૧૧/૦૭/૨૦૧૭ થી અમૂલ દૂધનું પેકીંગ, તા. ૨૭/૦૩/૨૦૧૮ થી અમૂલ છાસનું પેકીંગ, તા. ૨૧/૦૫/૨૦૧૮ થી અમૂલ મસ્તી દહીંનું પેકીંગ તથા તા. ૨૩/૦૮/૨૦૧૮ થી સુરસાગર ઘીનું પેકીંગ શરૂ કરવામાં આવેલ છે. હિસાબી વર્ષ દરમ્યાન ૪૨૧.૦૪ લાખ લીટર દૂધ, ૧૧૩.૨૦ લાખ લીટર છાસ, ૬.૭૯ લાખ લીટર દહીં તથા ૩૯૮૬ લાખ કીલો ઘીનું સ્થાનિક માર્કેટમાં વેચાણ કરવામાં આવે છે તે સિવાય મુંબઈમાં ૭૦.૦૭ લાખ લીટર અને બાકીનું દૂધ અમૂલ ફેડ ડેરી, ગાંધીનગર ને વેચાણ કરેલ છે.



## રાજય બહાર દૂધના વેચાણની વ્યવસ્થા :

દૂધ ઉત્પાદકોને દૂધના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે દૂધ અને દૂધની બનાવટોનું વધુમાં વધુ વેચાણ થાય તે જરૂરી છે અને તે માટે આપણા તરફથી જી.સી.એમ.એમ.એફ.લી. માં રાજય બહાર વેચાણ કરવા અંગેની મંજૂરી માંગતા જી.સી.એમ.એમ.એફ.લી. દ્વારા મહારાષ્ટ્રમાં દૂધ વેચાણની મંજૂરી આપવામાં આવેલ છે અને દૂધ સંઘ દ્વારા તા. ૨૫/૦૮/૨૦૧૮ થી મહારાષ્ટ્રમાં દૂધ વેચાણની કાર્યવાહી નો શુભારંભ કરેલ છે. હાલમાં દૈનિક ૩૦૦૦૦ લીટર દૂધનું વેચાણ થાય છે જે આપ સૌના સાથ અને સહકારથી વધારીને દૈનિક ૨ લાખ લીટર સુધી લઈ જવાનું ધ્યેય રાખેલ છે.

## અમુલ દાણ વેચાણ :


નફાકારક પશુપાલન માટે ખાણ–દાણ એ અગત્યની બાબત છે. બજારમાંથી મળતા ખાણ–દાણ ગુણવત્તાની દ્રષ્ટિએ હલકા અને ભાવની દ્રષ્ટિએ મોંઘા હોય છે. તેથી દૂધ ઉત્પાદકોને આર્થિક નુકશાન થાય છે. દૂધ મંડળીઓ સાથે જોડાયેલા દૂધ ઉત્પાદકોને વ્યાજબી ભાવે સમતોલ પશુ આહાર (દાણ) મળી રહે તે માટે અમૂલ ડેરી પાસેથી અમૂલ દાણ ખરીદ કરી દૂધ સહકારી મંડળીઓ મારફત દૂધ ઉત્પાદકોને પુરૂ પાડવામાં આવે છે. વર્ષ ૨૦૧૮–૧૯ દરમ્યાન ૨૩૭૨.૩૫ મે. ટન અમૂલ પાવર દાણ અને ૮૭.૨૫ મે. ટન બફેલો સ્પેશ્યલ દાણનું વેચાણ થયેલ છે. દૂધની ગુણવત્તા જાળવવા માટે પશુઓને અમૂલદાણ ખવડાવવું જરૂરી છે. તેથી બધા જ પશુપાલકો અમૂલદાણ ખવડાવવાનો આગ્રહ રાખે તે માટે ખાસ પ્રયત્નો કરવા હું દૂધ મંડળીઓના સંચાલકોને ખાસ ભલામણ કરૂ છું. આપણે પણ ટુંકા ભવિષ્યમાં પ્રતિદિન ૧૦૦ મે. ટન કેપેસીટીનો કેટલ ફીડ પ્લાન્ટ બનાવવાનું આયોજન વિચારી રહયા છીએ.

## પશુ સ્વાસ્થ્ય અને સંવર્ધન :

પશુપાલનના વ્યવસાયમાં પશુ સ્વાસ્થ્ય અને સંવર્ધન અગત્યના અંગો છે. પશુઓની યોગ્ય માવજતનો અભાવ અને વાતાવરણના ઝડપી ફેરફારોને કારણે પશુઓની રોગ પ્રતિકારક શકિતમાં ઘટાડો થવાથી પશુઓમાં બિમારીનું પ્રમાણ વધતાં ચેપી રોગો થતા હોય છે. પશુપાલન ક્ષેત્રે આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિનો સમન્વય કરી વિવિધ યોજનાઓનો અમલ આપણે કરી રહયા છીએ. પશુ સારવારની અગત્યતાને ધ્યાનમાં લઈ આપણે જિલ્લાના તમામ તાલુકાઓમાં પશુ ચિકિત્સિકો દ્વારા સ્પેશ્યલ વિઝીટ મારફત બિમાર પશુઓની સારવાર પ્રવૃતિ શરૂ કરેલ છે. હિસાબના વર્ષ દરમ્યાન સ્પેશ્યલ વિઝીટ મારફત ૨૧૪૨૧ બિમાર પશુઓની સારવાર કરવામાં આવેલ છે.



## પશુ વ્યંધ્યત્વ નિવારણ કાર્યક્રમ :




પશુપાલકોને બિનફળદ્રુપ પશુઓથી થતુ આર્થિક નુકશાન અટકાવવા દૂધ સંઘ દ્વારા જી.સી.એમ.એમ.એફ.લી આણંદના સહયોગથી પશુ વ્યંધ્યત્વ નિવારણ કાર્યક્રમ ચલાવવામાં આવે છે. કાર્યક્રમ હેઠળ જુદી જુદી દૂધ મંડળીઓ પસંદ કરી પશુપાલકોના પુખ્ત ઉંમરના બીન ઉત્પાદક પશુઓનું રજીસ્ટ્રેશન કરી કાર્યક્રમમાં આવરી લેવામાં આવે છે. દર ૪૫ દિવસના સમયગાળામાં ૪ પશુ વ્યંધ્યત્વ નિવારણ કેમ્પોમાં તમામ પશુઓને તપાસ/સારવાર હેઠળ રાખી પશુઓને પ્રજનનક્ષમ બનાવવામાં આવે છે. હિસાબના વર્ષ દરમ્યાન ૧૯૨ પશુ વ્યંધ્યત્વ નિવારણ કેમ્પો દ્વારા ૩૬૮૦ પશુઓની સારવાર થયેલ છે. જેના ફળસ્વરૂપ ૨૬૮૬ પશુઓ પ્રજનનક્ષમ બનેલ છે.

## પશુ સંવર્ધન

નફાકારક પશુપાલન માટે પશુદીઠ દૂધ ઉત્પાદન વધારવું અનિવાર્ય છે. તે માટે સારી ઓલાદના પશુઓ ઉત્પન્ન થાય તે જરૂરી છે. પશુ ઓલાદ સુધારણા માટે ઉત્તમ ઓલાદના સીમેન ડોઝથી કૃત્રિમ બીજદાન દ્વારા પશુ ફેળવવા તે એક માત્ર ઉપાય છે. હિસાબના વર્ષ દરમ્યાન ૫૪ કૃત્રિમ બીજદાન સેન્ટરો મારફત કૃત્રિમ બીજદાન થકી ૧૩૬૨૬ પશુઓને ફેળવેલ છે. જે પૈકી ૨૯૫૬ બચ્ચાઓ જન્મેલ છે.



## કૃમિ નિવારણ તથા રસીકરણ :

પશુઓમાં થતા કૃમિ ના નિવારણ માટે ૫૦૩૭૫ પશુઓને કૃમિ નિવારણ ડોઝ આપવામાં આવેલ છે. ૧૬૭૧૨૧ પશુઓને ખરવા-મોવાસાનું, ૩૭૬૫૨ પશુઓને ગળસુંઢાનું, ૧૩૮ પશુઓને થાઈલેરીયાનું તથા ૧૬૮ પશુઓને હડકવાનું રસીકરણ કરવામાં આવેલ છે.

## ઈઆઈડી કાર્યક્રમ :

સરકારશ્રીની સો ટકા સહાયથી ચાલતા ઈઆઈડી કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધીમાં ૩૧૯૧૩ પશુઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે.

## રાશન બેલેન્સીગ (આર.બી.પી.) કાર્યક્રમ :

પશુપાલકો તેમની પાસે ઉપલબ્ધ પશુઆહારમાંથી તેમના પશુઓને પુરતા પોષક તત્વો મળી રહે તે માટે કેટલા પ્રમાણમાં તે ચારો આપવો અને પશુ પોષણનું સમતોલન જળવાઈ રહે તે માટે રાસન બેલેન્સીગ કાર્યક્રમ અપનાવેલ છે. પ્રથમ તબક્કે ૮૬ ગામની દૂધ મંડળીઓ દ્વારા કાર્યક્રમની શરૂઆત કરેલ છે. જેમાં ૮૬ એલ.આર.પી. દ્વારા જેમાં ૩૩૮૯ પશુઓ પર કામગીરી કરવામાં આવેલ છે.

## :: પશુ સારવાર-પશુ ઓલાદ સુધારણા પ્રવૃતિની પ્રગતિ દર્શક માહિતી ::

| અ.નં. | પ્રવૃત્તિની વિગત | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ |
|---|---|---|---|---|---|---|
| ૧. | પશુ સારવાર-સ્પેશ્યલ વિઝિટ | ૪૨૨૪ | ૧૨૨૯૪ | ૨૧૨૫૦ | ૧૮૨૭૩ | ૨૧૪૨૧ |
| ૨. | વ્યંધ્યત્વ નિવારણ કેમ્પ<br>સારવાર થયેલ પશુ | ૨૯<br>૮૪૫ | ૧૭૬<br>૧૩૪૦ | ૨૪૬<br>૨૨૩૨ | ૨૧૫<br>૫૫૭૨ | ૧૯૨<br>૩૬૮૦ |
| ૩. | કૃત્રિમ બીજદાન - કૃત્રિમ બીજદાન કેન્દ્રો<br>કૃત્રિમ બીજદાન સંખ્યા | ૨૭<br>૪૯૩૭ | ૭૯<br>૭૮૫૩ | ૮૩<br>૧૦૬૧૩ | ૮૩<br>૧૨૩૨૮ | ૫૪<br>૧૩૬૨૬ |
| ૪. | કૃમિ નિવારણ ડોઝ | ૫૭૭૭૫ | ૫૮૪૫૦ | - | ૨૯૨૫૮ | ૫૦૩૭૫ |
| ૫. | ખરવા-મોવાસા<br>ગળસૂંઢો<br>થાઈલેરીયા<br>હડકવા | ૧૯૭૯૬<br>૩૦૬૨૦<br>-<br>- | ૩૮૫૦૦<br>૨૨૪૦૦<br>-<br>- | ૪૦૨૭૦<br>૨૪૪૬૦<br>-<br>- | ૧૧૪૫૪૫<br>૨૭૨૯૮<br>-<br>- | ૧૬૭૧૨૧<br>૩૭૬૫૨<br>૧૩૮<br>૧૬૮ |
| ૬. | પશુપાલક જાગૃતિ કાર્યક્રમ | ૬ | ૯૨ | - | - | ૪૬ |
| ૭. | પશુ ઓળખ અને રજીસ્ટ્રેશન | - | ૧૦૫૭૦ | ૧૬૧૫૧ | ૨૫૮૦૦ | ૩૧૯૧૩ |

## સીડી/આઈસીડી કાર્યક્રમ :

ગ્રામ્ય પ્રાથમિક દૂધ મંડળીઓ સાથે જોડાયેલા સૌ કોઈ દ્વારા દૂધ સહકારી પ્રવૃતિને વધુ વેગવાન બનાવવા તેમજ સુધારાના ક્ષેત્રોને પ્રાધાન્ય આપી તેની પૂર્તતા સહ સર્વાંગી વિકાસ કઈ રીતે સાંધી શકાય તેવા ચોકકસ ધ્યેય સાથેના કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. તેમાં દૂધ મંડળી કક્ષા, કર્મચારી કક્ષા અને દૂધ ઉત્પાદક કક્ષાના વિવિધ કાર્યક્રમો જી.સી.એમ.એમ.એફ. લી. ના સહયોગથી હાથ ધરવામાં આવેલ છે. હિસાબના વર્ષ દરમ્યાન ૮૬ ધ્યેય નિર્ધારણ કાર્યક્રમ દ્વારા ૮૩૨ પુરૂષ અને ૪૧૨૦ મહિલાઓને તાલીમ આપવામાં આવેલ છે. ૪૩ મહિલા શૈક્ષણિક કાર્યક્રમ દ્વારા ૧૭૨૨ મહિલાઓને તાલીમ આપવામાં આવેલ છે. તદઉપરાંત બે મહિલા પશુપાલન તાલીમ કાર્યક્રમ કરવામાં આવેલ છે. ૧ રેડ ટેગ ડે તથા ૧ મિલ્ક ડે ની ઉજવણી કરવામા આવેલ છે.





### ગ્રીન ઝાલાવાડ / વૃક્ષરોપણ કાર્યક્રમ :

પશુપાલન વ્યવસાય તેમજ જીવન જીવવામાં વૃક્ષ નું આગવું મહત્ત્વ છે. વૃક્ષોનું જતન આપણા સૌનું એક સામાજિક ઉત્તરદાયિત્વ પણ છે. દર વર્ષે ૧૫ મી ઓગષ્ટ સ્વાતંત્ર પર્વને વૃક્ષારોપણ દિન તરીકે ઉજવાય છે. હિસાબી વર્ષ દરમ્યાન દૂધ મંડળીઓ ના દૂધ ઉત્પાદકો મારફત ૯૮૧૭૫ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.





### ૧૨ - દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપવાની યોજના :

ગત વર્ષ દરમિયાન રાજય સરકારશ્રી ની સહાયથી સ્વરોજગારીના હેતુસર ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપવાની યોજના અંતર્ગત ૮૩ ડેરી ફાર્મની અરજી આવેલ છે. જે માંથી ૧૫ ડેરી ફાર્મને આ અંતગર્ત કુલ ૩૭,૬૪,૫૫૦/- રૂપિયાની સહાય ચુકવાય

## દૂધ મંડળીઓના સભાસદો/પશુપાલકો માટેની કલ્યાણકારી યોજનાઓ :

### :: જુથ વિમા યોજના ::

દૂધ સંઘ દ્વારા દૂધ મંડળીઓના સભાસદો/પશુપાલકોના હિતાર્થે વિવિધ યોજનાઓ મારફત કલ્યાણકારી પ્રવૃતિઓ કરવામાં આવે છે. જીવન વિમા નિગમની જી.આઈ યોજના અંતર્ગત હિસાબી વર્ષ દરમ્યાન ૫૩૧ દૂધ મંડળીઓના ૩૬૧૮૩ દૂધ ઉત્પાદકોને વિમા કવચથી આવરી લેવામાં આવેલ છે. કુલ વિમા પ્રિમિયમ રૂા. ૪૯૫૪૧૨૪ ના ૫૦ % મુજબ સહાયના ધોરણે દૂધ સંઘ દ્વારા રૂા. ૨૪,૪૬,૬૮૦/- પ્રિમિયમના સહાય તરીકે ચુકવેલ છે. હિસાબી વર્ષ દરમ્યાન જી.આઈ. યોજના અંતર્ગત કુલ ૬૨ કલેઈમ કરવામાં આવેલ છે તે પૈકી ૫૭ કલેઈમના રૂા. ૨૨,૮૦,૦૦૦/- મંજૂર થયેલ છે જે જે તે સભાસદ/પશુપાલકને ચુકવવામાં આવેલ છે. ૫ (પાંચ) કલેઈમની કાર્યવાહી ચાલુ છે.

## :: દૂધ મંડળીઓના સભાસદો માટેની મરણોત્તર સહાય યોજના ::

દૂધ મંડળીઓના મૃત્યુ પામનારા સભાસદોના પરિવારને આર્થિક રીતે મદદરૂપ થવાના શુભ હેતુસર દૂધ સંઘ દ્વારા પોતાના સ્વભંડોળ માંથી દૂધ મંડળીઓના સભાસદો માટેની મરણોત્તર સહાય યોજના અમલમાં મુકેલ છે. સદર યોજનામાં અગાઉ મૃત્યુ પામનાર સભાસદની વય મર્યાદા ૫૮ વર્ષ નકકી કરવામાં આવેલ જેના કારણે ઘણા બધા સભાસદો લાભથી વંચિત રહી જતા હોવા અંગેની માહીતી મારા ધ્યાને આવેલ. મંડળીના સભાસદો કોઈપણ ઉમરના બાધ વગર મૃત્યુપર્યંત દૂધ મંડળી સાથે જોડાયેલ રહેતા હોવાથી મરણોત્તર સહાય યોજના ના લાભ માટે વય મર્યાદા દૂર કરવામાં આવેલ છે. હિસાબી વર્ષ દરમ્યાન કુલ ૧૦૬ સભાસદોના વારસદારો ને રૂા. ૪૨.૨૫ લાખ મરણોત્તર સહાય ચુકવવામાં આવેલ છે.



દૂધ સંઘ દ્વારા સંચાલિત સભાસદ મરણોત્તર
સહાયના ચેકનું વિતરણ કરતા
ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ



લીંબડી તાલુકાના પાંદરી ગામે સભાસદ મૃત્યુ સહાય
યોજના અંતર્ગત મૃતક .....શ્રીના વારસદારને ચેક
અર્પણ કરતા મંત્રીશ્રી દિલીપભાઈ ઠાકોર,
પૂર્વમંત્રીશ્રી કિરીટસિંહ રાણા સાહેબ,
દૂધ સંઘના ચેરેમન બાબાભાઈ ભરવાડ
તથા ડીરેકટરશ્રી નરેશભાઈ મારૂ

## દૂધ મંડળીઓને માળખાકીય સુવિધા :

### (૧) વિકાસ ફંડ સહાય યોજના :-

દૂધ મંડળીઓનો વહીવટ પારદર્શક બને તથા દૂધ ઉત્પાદકોને પશુપાલન વ્યવસાય બાબતે પ્રત્યક્ષ માહિતી મળે તેમજ મંડળી ખાતે ગ્રાહકોના દૂધની ગુણવત્તાની વ્યવસ્થિત ચકાસણી થઈ શકે તેવા હેતુસર જિલ્લાની દૂધ મંડળીઓને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે દૂધ ઘર બનાવવા, મિલ્કોસ્કીન મશીન ખરીદવા, ડેરી શૈક્ષણિક પ્રવાસ યોજવા માટે વિકાસ ફંડમાંથી સહાય આપવામાં આવે છે. હિસાબી વર્ષ દરમ્યાન ૧૨ મિલ્કોસ્કીન મશીન માટે રૂા. ૬,૦૦,૦૦૦/- સહાય ચુકવવામાં આવેલ છે.

### (૨) સરકારશ્રીની સહાયીત યોજનાઓ :-

ગુણવત્તાયુકત દૂધ સંપાદનના ધ્યેયને હાંસલ કરવા સરકારશ્રી દ્વારા ગ્રામ્ય સામાન્ય તથા મહિલા સંચાલીત દૂધ સહકારી મંડળીઓને માળખાકીય સુવિધાથી સજજ કરવા માટે વિવિધ સહાયીત યોજનાઓ અમલમાં મુકેલ છે. હિસાબી વર્ષના અંતે ૧૨૯ બી.એમ.સી. ૫૦૦૦ લી. કેપેસીટીના, ૧ બી.એમ.સી. ૪૦૦૦ લી. કેપેસીટીનું, ૩૩ બી.એમ.સી. ૩૦૦૦ લી. કેપેસીટીના, ૫ બી.એમ.સી. ૨૦૦૦ લી. કેપેસીટીના મળી કુલ ૧૬૮ બી.એમ.સી. સ્થપાયેલ છે. તે પૈકી કુલ ૧૬૩ બી.એમ.સી. કાર્યરત છે. તમામ બી.એમ.સી. કલસ્ટરમાં ચલાવવામાં આવે છે. કુલ દૂધ સંપાદનના ૯૬% દૂધ બી.એમ.સી. મારફત સંપાદન થાય છે તમામ દૂધ મંડળીઓ એ.એમ.સી.એસ થી સજજ છે.

### (૩) એન.ડી.પી. ૧ / એન.પી.ડી.ડી. :-


એન.ડી.ડી.બી દ્વારા એન.ડી.પી. ૧ (વી.બી.એમ.પી. એસ. ૨) યોજના હેઠળ ૫૦ % સહાયના ધોરણે અગાઉના વર્ષમાં મંજૂર થયેલ બી.એમ.સી પૈકી ૧૦ બી.એમ.સી ૫૦૦૦ હજાર લીટર કેપેસીટીના, ૧૫ બી.એમ.સી ૩૦૦૦ હજાર લીટર કેપેસીટીના, અને ૫ બી.એમ.સી. ૨૦૦૦ હજાર લીટર કેપેસીટીના ઈન્સ્ટોલ કરી કાર્યરત કરવામાં આવેલ છે.

## દૂધ સંજીવની યોજના :

ગુજરાત સરકારશ્રીના મધ્યાહન ભોજન વિભાગ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગની આર્થિક મદદથી જિલ્લાના ૬ તાલુકાની પ્રાથમિક શાળાઓ અને આંગણવાડીના બાળકોને તેમજ ૩ તાલુકાની આંગણવાડીના બાળકો, ધાત્રી માતાઓને તથા સગર્ભા સ્ત્રીઓને પોષણક્ષમ આહાર મળી રહે અને કુપોષણમાંથી મુકિત મળે તે આશયથી દૂધ સંજીવની યોજના અમલમાં છે. હિસાબના વર્ષ દરમ્યાન ૨૦૦ એમ.એલ. ના પાઉચમાં ૨૯.૯૫ લાખ લીટર દૂધનું વિતરણ કરવામાં આવેલ છે. સદર યોજનાનો અમલ જિલ્લાના બાકી તાલુકામાં પણ થાય તે માટે સરકારશ્રીને વિનંતી કરવામાં આવેલ છે.

## ટાઈમ લોકીંગ / મોનીટરીંગ સીસ્ટમ :

દૂધની ગુણવત્તા જળવાઈ રહે તે માટે સમયસર દૂધનું રીસીવીંગ પુરૂ કરવું ખાસ જરૂરી છે બી.એમ.સી ઉપર પોતાની મંડળીનું તથા સંલગ્ન મંડળીઓના દૂધનું રીસીવીંગ, ટેસ્ટીંગ તથા રીપોર્ટીંગ સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં ન આવે તો કોમ્પ્યુટર ઓટોમેટીક લોક થઈ જાય છે ત્યારબાદ દૂધ સંઘ માંથી પાસવર્ડ મેળવ્યા પછી જ કોમ્પ્યુટર કાર્યરત થાય છે. તેવી જ રીતે બી.એમ.સીના ટાંકામાં ખરીદવામાં આવેલ દૂધના જથ્થાનું તેના તાપમાનનું તથા ટેન્કના સી.આઈ.પી. નું મોનીટરીંગ દૂધ સંઘમાં બેઠા બેઠા થઈ શકે તે માટે મોનીટરીંગ સીસ્ટમ કાર્યરત કરવામાં આવેલ છે.






# આભાર દર્શન

દૂધ સંઘની ૪૪ મી વાર્ષિક સાધારણ પ્રસંગે જે જે સંસ્થાઓએ તથા મહાનુભાવોએ સુરસાગર ડેરીની કામગીરીમાં સાથ સહકાર અને માર્ગદર્શન આપેલ છે તેઓ સર્વેનો હું આભાર માનું છું.

ડેરી વિકાસના ધ્યેયને નજર સમક્ષ રાખી ગુજરાત ડેરી વિકાસ નિગમ લી. ની બંધ પડેલ સુરેન્દ્રનગર ડેરીની તથા પાટડી અને હળવદ સેન્ટરની જમીન તથા મિલકત દૂધ સંઘને નજીવી કિંમતે વેચાણ આપવા બદલ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના ચેરમેનશ્રી તથા બોર્ડના નિયામક મંડળના સભ્યો અને અધિકારીઓનો આભારી છું. ગુજરાત કો. ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. ના ચેરમેનશ્રી, નિયામક મંડળીના સભ્યોનો આભાર માનું છું અને મેનેજીંગ ડીરેકટરશ્રી અને અધિકારીઓ તરફથી મળેલ માર્ગદર્શન અને સહકાર બદલ ખૂબ ખૂબ અભિનંદન આપુ છું.

માનનીય વડાપ્રધાનશ્રી કેન્દ્ર સરકારના માનનીય મંત્રીશ્રીઓ, ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી, વિજયભાઈ રૂપાણી સાહેબ રાજય સરકારના માનનીય મંત્રીશ્રી આર.સી. ફળદુ સાહેબ તથા માનનીય મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ સાહેબ તરફથી મળેલ સહયોગ તથા માર્ગદર્શન માટે અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

માનનીય જીતુભાઈ વાધાણી સાહેબ, પ્રમુખશ્રી ગુજરાત પ્રદેશ ભાજપ, માનનીય શ્રી આઈ. કે. જાડેજા સાહેબ ઉપાધ્યક્ષશ્રી ગુજરાત પ્રદેશ ભાજપ અને વિવિધ મંત્રાલયના મંત્રીશ્રીઓ તેમજ જિલ્લાના સંસદ સભ્યશ્રી, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી તથા મહામંત્રીશ્રીઓ તેમજ શ્રી હરદેવસિંહ પરમાર ચેરમેનશ્રી સુ.નગર ડી.કો.ઓપ. બેંક લી. વગેરેનો ખૂબ ખૂબ આભારી છું.

ગુજરાત સરકારના વિવિધ મંત્રાલયના સચિવશ્રીઓ, કમિશ્નરશ્રીઓ, રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ (ગુ.રા), કાર્યપાલક અધિકારીશ્રી નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ(ગુ.રા), પશુપાલન નિયામકશ્રી(ગુ.રા) તથા અધિકારીશ્રીઓ, જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર, ખાસ અન્વેષણશ્રી(દૂધ), કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નાયબ પશુપાલન નિયામકશ્રી સુરેન્દ્રનગર–મોરબી, રાજકોટ, રાષ્ટ્રીયકૃત બેંકો, સુરેન્દ્રનગર જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., બેંક ઓફ બરોડા, એચ.ડી.એફ.સી. બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આઈ.સી.આઈ.સી.આઈ બેંક, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, દેના બેંક, સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, સુરેન્દ્રનગર–દૂધરેજ મ્યુનિસીપલ બ્યુરો તથા વઢવાણ નગરપાલિકા તરફથી મળેલ સાથ અને સહકાર બદલ સૌનો ખૂબ ખૂબ આભાર માનું છું.

નિયામક મંડળના મારા સાથી સભ્યો તરફથી દૂધ સંઘના વિકાસ માટેના નીતિ વિષયક નિર્ણયો લેવામાં જે સાથ અને સહકાર મળેલ છે તે બદલ તેઓનો ઋણી છું.

આપણા દૂધ સંઘ સાથે જોડાયેલ દૂધ મંડળીઓના સભાસદ ભાઈઓ અને બહેનો, ચેરમેનશ્રીઓ, વ્યવસ્થાપક કમિટિના સભ્યશ્રીઓ, કર્મચારીઓ તથા નામી–અનામી વ્યકિતઓ કે જેઓએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે દૂધ સંઘના વિકાસમાં તેઓનું યોગદાન આપેલ છે તેવા સૌ કોઈ નો આ તબકકે હૃદય પૂર્વક આભાર માનું છું.

દૂધ સંઘના સફળ સંચાલન તથા વ્યવસ્થાપન માટે દૂધ સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રી, અધિકારીઓ તથા કર્મચારીઓની સંનિષ્ઠ કામગીરી બદલ તેઓને અભિનંદન આપુ છું.

આપણા દૂધ સંઘની વિકાસ યાત્રા સતત નવા નવા પ્રગતિના શિખરો સર કરતી રહે તેવી અપેક્ષા સાથે વિરમું છું.

'જય ઠાકરધણી'
આપનો સહકારી
**શ્રી બાબાભાઈ એસ. ભરવાડ**
અધ્યક્ષશ્રી

**તારીખ : ૧૮/૦૬/૨૦૧૯**
**સુરેન્દ્રનગર**

# નાણાંકીય અહેવાલ
# વર્ષ ૨૦૧૮-૧૯



## તા. ૩૧-૩-૨૦૧૯ ના રોજ પૂરા થતા વર્ષનું પાકું સરવૈયું

| ૩૧-૩-૨૦૧૮ | ફંડ તથા દેવા | ૩૧-૩-૨૦૧૯ |
|---|---|---|
| ૨૫,૦૦,૦૦,૦૦૦-૦૦ | શ્રી સત્તાવાર શેર ભંડોળ | ૨૫,૦૦,૦૦,૦૦૦-૦૦ |
| | (૨,૫૦,૦૦૦ શેર દરેક રૂા. ૧૦૦૦ નો) | |
| ૯,૮૪,૧૨,૧૦૦-૦૦ | શ્રી ભરપાઈ થયેલ શેર ભંડોળ | ૮,૪૭,૫૫,૨૦૦-૦૦ |
| ૨૭,૮૪,૨૦,૨૨૦-૫૪ | શ્રી રીઝર્વ ફંડ, અન્ય ફંડ તથા ગ્રાન્ટ | ૧૫,૭૪,૬૬,૩૬૩-૬૫ |
| ૮૦,૨૯,૪૨,૩૯૪-૩૦ | શ્રી ડીપોઝીટ | ૮૦,૪૨,૦૫,૫૮૯-૬૮ |
| ૧,૩૦,૭૧,૩૮,૮૩૯-૮૮ | શ્રી ચાલુ દેવા | ૧,૫૭,૧૪,૭૧,૫૦૬-૨૪ |
| ૨,૧૬,૩૪,૬૫૩-૩૯ | શ્રી જોગવાઈઓ | ૫,૬૮,૪૪,૨૧૦-૫૦ |
| ૨,૬૭,૯૮,૩૫૫-૫૧ | શ્રી ચોખ્ખો નફો | ૩,૭૪,૫૨,૯૪૦-૯૯ |
| ૨,૫૩,૫૩,૪૬,૫૬૩-૬૨ | કુલ સરવાળો... | ૨,૭૧,૨૧,૯૫,૮૧૧-૦૬ |

| આર. એ. મકવાણા | એ.ડી. રૂપારેલ એન્ડ કાં. | વિવેક આર. મોઢ | ગુરદિત સિંગ | બાબાભાઈ એસ. ભરવાડ |
|---|---|---|---|---|
| જિલ્લા રજીસ્ટ્રાર (સ.મ) સુરેન્દ્રનગર | ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી, સ્ટેટ્યુટરી ઓડીટર (પેનલ નં. ૫૮૧) | આસી. મેનેજર (એકાઉન્ટ) | મેનેજીંગ ડીરેક્ટર | ચેરમેન |

## તા. ૩૧–૩–૨૦૧૯ ના રોજ પૂરા થતા વર્ષનું પાકું સરવૈયું

| ૩૧–૩–૨૦૧૮ | મિલકત તથા લેણું | ૩૧–૩–૨૦૧૯ |
|---|---|---|
| ૪૧,૧૮,૪૦,૯૯૨–૧૯ | શ્રી મિલકતો (પરિશિષ્ટ મુજબ) | ૯૬,૯૩,૭૧,૩૫૩–૪૩ |
| ૮,૬૮,૯૮,૦૦૦–૦૦ | શ્રી રોકાણો | ૮,૬૮,૯૮,૦૦૦–૦૦ |
| ૧,૩૩,૯૮,૩૩૮–૫૫ | શ્રી સ્ટોક | ૪,૦૬,૭૩,૯૯૯–૩૩ |
| ૧,૦૯,૭૨,૬૫,૬૫૨–૦૦ | શ્રી ડીપોઝીટ | ૭૦,૩૪,૭૭,૭૩૩–૦૦ |
| ૧૨,૧૨,૮૫૮–૦૦ | શ્રી લોન અને એડવાન્સીઝ | ૬,૬૨,૪૫૦–૦૦ |
| ૫૧,૯૭,૯૨,૧૫૦–૫૪ | શ્રી બાકી લેણાં | ૫૧,૮૮,૩૫,૮૯૦–૧૮ |
| ૪૦,૪૯,૩૮,૫૭૨–૩૪ | શ્રી કેશ અને બેન્ક સિલક | ૩૯,૨૨,૭૬,૩૮૫–૧૨ |
| ૨,૫૩,૫૩,૪૬,૫૬૩–૬૨ | કુલ સરવાળો... | ૨,૭૧,૨૧,૯૫,૮૧૧–૦૬ |

| આર. એ. મકવાણા | એ.ડી. રૂપારેલ એન્ડ કાં. | વિવેક આર. મોઢ | ગુરદિત સિંગ | બાબાભાઈ એસ. ભરવાડ |
|---|---|---|---|---|
| જિલ્લા રજીસ્ટ્રાર (સ.મ) સુરેન્દ્રનગર | ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી, સ્ટેટ્યુટરી ઓડીટર (પેનલ નં. ૫૮૧) | આસી. મેનેજર (એકાઉન્ટ) | મેનેજીંગ ડીરેક્ટર | ચેરમેન |

## તા. ૧–૪–૨૦૧૮ થી તા. ૩૧–૩–૨૦૧૯ ના રોજ પૂરા થતા વર્ષનું વ્યાપાર તથા નફા–નુકશાન પત્રક

| ૨૦૧૭–૨૦૧૮ | જાવક | ૨૦૧૮–૨૦૧૯ |
|---|---|---|
| ૯૨,૯૫,૧૬૫–૮૦ | શ્રી ઉઘડતો સ્ટોક | ૧,૩૩,૯૮,૩૩૮–૫૫ |
| ૮,૫૦,૮૩,૯૦,૨૮૯–૪૪ | શ્રી ખરીદી | ૮,૭૬,૪૮,૧૪,૫૬૨–૪૦ |
| ૧૬,૧૬,૭૧,૯૩૩–૪૮ | શ્રી ખરીદી ખર્ચ | ૨૦,૪૨,૪૦,૧૪૬–૩૯ |
| ૨,૯૬,૩૮,૭૮૮–૫૬ | શ્રી પાવર અને બળતણ ખર્ચ | ૪,૫૦,૩૫,૨૭૮–૭૨ |
| ૮૯,૦૯,૨૦૬–૪૭ | શ્રી મરામત અને નિભાવ ખર્ચ | ૮૦,૬૪,૪૭૯–૭૨ |
| ૭,૭૨,૬૯,૦૧૯–૦૬ | શ્રી પ્રોસેસીંગ ખર્ચ | ૧૨,૭૧,૦૫,૮૪૦–૧૮ |
| ૬,૯૧,૫૪,૮૫૦–૪૯ | શ્રી પગાર ખર્ચ | ૧૦,૨૧,૮૫,૯૪૬–૩૦ |
| ૭,૩૩,૯૮૭–૩૩ | શ્રી વિમા પ્રિમીયમ ખર્ચ | ૧૪,૩૬,૩૨૫–૧૧ |
| ૧૫,૬૭,૯૯૨–૩૫ | શ્રી પોસ્ટ/ટેલીફોન/સ્ટેશનરી ખર્ચ | ૧૮,૯૧,૭૫૩–૫૩ |
| ૨૩,૦૨,૪૬૭–૦૦ | શ્રી પ્રવાસ ખર્ચ | ૩૬,૨૧,૫૫૫–૮૬ |
| ૬,૭૨,૭૧૬–૪૫ | શ્રી વાહન મરામત નિભાવ ખર્ચ | ૯,૨૦,૮૪૯–૨૪ |
| ૨૨,૨૯,૩૫૦–૦૦ | શ્રી લીગલ ફી ખર્ચ | ૨૩,૯૯,૬૭૦–૦૦ |
| ૨૯,૬૨,૯૪૨–૦૦ | શ્રી અન્વેષણ ખર્ચ | ૪૦,૦૪,૩૪૬–૮૦ |
| ૫,૧૩,૩૩,૭૧૦–૪૭ | શ્રી વ્યાજ અને બેન્ક કમીશન ખર્ચ | ૬,૫૧,૨૧,૧૧૦–૨૧ |
| ૧,૧૩,૧૮,૭૭૮–૦૧ | શ્રી સહકાર વિકાસ ખર્ચ | ૧,૫૪,૫૬,૪૫૯–૫૯ |
| ૧,૦૦,૪૨,૨૦૬–૫૦ | શ્રી પરચુરણ ખર્ચ | ૧,૧૫,૮૪,૪૭૭–૭૧ |
| ૬૯,૨૦,૦૬૦–૫૬ | શ્રી માર્કેટીંગ ખર્ચ | ૨૨,૧૦,૦૪૬–૪૭ |
| ૨,૯૧,૦૨,૨૫૪–૬૧ | શ્રી ઘસારા ખર્ચ | ૫,૩૨,૩૦,૫૪૫–૮૭ |
| ૨,૨૮,૯૧,૬૦૦–૦૦ | શ્રી ઈન્કમટેક્ષ ખર્ચ | ૨,૬૧,૮૮,૪૫૦–૦૦ |
| ૨,૬૭,૯૮,૩૫૫–૫૧ | શ્રી ચોખ્ખો નફો | ૩,૭૪,૫૨,૯૪૦–૯૯ |
| ૯,૦૩,૩૨,૦૫,૬૭૪–૦૯ | કુલ સરવાળો... | ૯,૪૯,૦૩,૬૩,૧૨૩–૬૪ |

| આર. એ. મકવાણા | એ.ડી. રૂપારેલ એન્ડ કાું. | વિવેક આર. મોઢ | ગુરદિત સિંગ | બાબાભાઈ એસ. ભરવાડ |
|---|---|---|---|---|
| જિલ્લા રજીસ્ટ્રાર (સ.મ) સુરેન્દ્રનગર | ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી, સ્ટેટ્યુટરી ઓડીટર (પેનલ નં. ૫૮૧) | આસી. મેનેજર (એકાઉન્ટ) | મેનેજીંગ ડીરેક્ટર | ચેરમેન |

## તા. ૧–૪–૨૦૧૮ થી તા. ૩૧–૩–૨૦૧૯ ના રોજ પૂરા થતા વર્ષનું વ્યાપાર તથા નફા–નુકશાન પત્રક

| ૨૦૧૭–૨૦૧૮ | આવક | ૨૦૧૮–૨૦૧૯ |
|---|---|---|
| ૮,૯૨,૪૧,૫૨,૬૪૨–૪૨ | શ્રી વેચાણ | ૯,૩૪,૪૮,૮૧,૩૬૩–૦૧ |
| ૯,૫૬,૫૪,૬૯૩–૧૨ | શ્રી પરચુરણ આવક | ૧૦,૪૮,૦૭,૭૬૧–૩૦ |
| ૧,૩૩,૯૮,૩૩૮–૫૫ | શ્રી બંધ સ્ટોક | ૪,૦૬,૭૩,૯૯૯–૩૩ |
